૧૯. વધુમાં સદર મિલકતનો વેચાણ અવેજ જો તમો ત્રીજીતરફવાળાએ અન્ય વ્યક્તિના ખાતામાંથી આપેલ હોય તો તેવા સંજોગોમાં જેમના પણ ખાતામાંથી સદર વેચાણ અવેજની રકમ પ્રાપ્ત થાય તેઓનો સદર મિલકતમાં હક્ક સ્થાપિત થશે નહી, પરંતુ તેઓ અવેજ તમારા વતી મળેલ હોવાનું ગણાશે એટલુંજ નહી પરંતુ તેવી તમામ રકમો તમો ત્રીજીતરફવાળાએ ઈન્કમટેક્ષના કાયદા મુજબ બતાવવાની રહેશે અને ઈન્કમટેક્ષ કાયદાના તમામ નિતી નિયમોનો અમલ કરવાનો રહેશે અને જો કોઈ સંજોગોમાં ઈન્કમટેક્ષ કાયદા હેઠળ કોઈ નોટીસ બજે અને અથવા તો બેનામી કાયદા હેઠળ સદર મિલકત

એટેચમેન્ટમાં આવે તો તેની સંપુર્ણ જવાબદારી તમો ત્રીજીતરફવાળાની રહેશે અને તે માટે અમો એકતરફવાળા તથા બીજીતરફવાળા જવાબદાર રહીશું નહી.

૨૦. વધુમાં ત્રીજીતરફવાળાએ એકતરફવાળા સોસાયટીના સભ્ય બનવું પડશે અને જરૂરી દાખલ ફી, શેર ફાળા રકમ શેર સર્ટીફીકેટો ધારણ કરવા પડશે તેમજ સદર સોસાયટી મેઈન્ટેનન્સ એજન્સીના ધારા ધોરણ તથા નિયમોનું તેમજ વખતો વખતના ઠરાવોનું પાલન કરવાનું રહેશે તેમજ આ યોજનાની શરતોનું ચુસ્ત પણે અમલ કરવાનો રહેશે અને સોસાયટી,મેઈન્ટેનન્સ એજન્સીના વખતો વખતના ઠરાવો તેમજ કાયદા નિયમો મુજબ વર્તવાનું છે તેમજ સદર સોસાયટી યોજનાની કોમન સુવિધાઓ અંગે તથા તેના ખર્ચ અંગે જે માસિક કે વાર્ષિક કે અન્ય મુદતી કે અન્ય સ્વરૂપનું કોન્ટ્રીબ્યુશન લેવાનું નક્કી થાયતે કોન્ટ્રીબ્યુશનની રકમ તેમજ સદર મિલકતના વાર્ષિક મેઈન્ટેનન્સ વિગેરે માટે જે ખર્ચ નક્કી કરવામાં આવે, તે ખર્ચ ત્રીજીતરફવાળાએ વરાડે પડતો ભોગવવાનો રહેશે. જો તેમા તે ચુક કરશે કે વિલંબ કરશે, તો કોમન સુવિધા વાપરવાનો હક્ક ગુમાવશે અને આવી સોસાયટી અને/અથવા તેના સભાસદ તેમને પાણી, લીફ્ટ, પાર્કીંગ વિગેરે વાપરતા અટકાવી શકશે અને ત્યારે તે સામે ત્રીજીતરફવાળા વાંધો લઈ શકશે નહી. જોકે આવી તમામ રકમ તથા વ્યાજ નુકશાની વિગેરે તમો જયારે ભરશો, ત્યાર પછી તેવા હક્કો તમો વાપરી શકશો. પ્રમોટર અને એલોટી બંને માટે સમય મહત્વનો ભાગ છે. પ્રમોટર સમયના પરીશીષ્ટથી બંધાયેલ છે કે પ્રોજેકટને પૂર્ણ કરી મકાન વપરાશનુ પ્રમાણપત્ર મેળવી ફ્લેટનો કક્કો એલોટીને સોપી અને કોમન વિસ્તાર એશોસીએસન ઓફ એલોટીઝને સોંપવા માટેનું સમય પત્રકનુ પ્રમોટરે પાલન કરવાનું રહેશે.

૨૧. વધુમાં તમો ત્રીજીતરફવાળા તથા અન્ય સભાસદોએ સદર સોસાયટીના પેટા નિયમો તથા નીતિ નિયમોનો અને વખતો વખતના ઠરાવોનું પાલન કરવાનું રહેશે તેમજ સભાસદોના લાભાર્થે સદર સર્વિસ સોસાયટી કોમન સુવિધાઓ અંગે તથા અન્ય કારણોસર સદર સર્વિસ સોસાયટીના કારોબારી કમીટી મેનેજીંગ કમીટી/જનરલ કમીટીમાં જે કોઈ નિર્ણય લે તે દરેક સભાસદોને માન્ય રહેશે તેમજ વેચાણ દસ્તાવેજ થયા બાદ સદર મિલકત અન્ય કોઈને ભાડે, વેચાણ કે કોઈપણ પ્રકારે એસાઈન કરવાનું હશે તો સદર સોસાયટી નક્કી કરે તે મુજબની ટ્રાન્સફર ફી ત્રીજીતરફવાળાએ કે સદર મિલકત વેચાણ લેનારાએ ભરવાની રહેશે અને સોસાયટી પાસેથી વેચાણની પરવાનગી મેળવવાની રહેશે અને ત્યારબાદજ તમો ત્રીજીતરફવાળા સદર મિલકત ભાડે, વેચાણ, ગીરો કે કોઈપણ પ્રકારે એસાઈન કરી શકશો અને અને તેમ કરવામાં તમો ત્રીજીતરફવાળા કે અન્ય કોઈ સભાસદ કસુર કરે તો સદર સર્વિસ સોસાયટી પોતાને યોગ્ય લાગે તે પ્રમાણેની કાર્યવાહી કરવા હક્કદાર રહેશે.

૨૨. વધુમાં સદર મિલકતની બી.યુ. પરવાનગી મેળવી લીધા બાદ તેમજ તે અંગેની જાણ અમો એકતરફવાળા તથા બીજીતરફવાળાએ તમો ત્રીજીતરફવાળાને કરી દીધા બાદ સદર મિલકત અંગેના અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનના ટેક્ષો, ઈલેક્ટ્રીક બીલો, વોટર બીલો તથા અન્ય લાગુ ટેક્ષ બીલો તમો ત્રીજીતરફવાળાએ ભરવાના રહેશે તેમજ કોમન એરીયા અંગે જે કોઈ વણવહેચાયેલ વરાડે પડતો મહેસુલ, બેટરમેન્ટ ચાર્જીગ, ડેવલપમેન્ટ ચાર્જીસ કે તેવાજ પ્રકારના અન્ય કોઈ ચાર્જીસ લાગુ પાડે તો તેવા તમામ ચાર્જીસ પણ તમો ત્રીજીતરફવાળાએ તથા સદર યોજનામાં જોડાનાર તમામ સભ્યોએ ભરવાના રહેશે અને તેવી રકમ સર્વીસ સોસાયટીમાં જમા કરી સર્વિસ સોસાયટી દ્વારા તેવા તમામ ચાર્જીસ ભરપાઈ કરવાના રહેશે.

૨૩. વધુમાં અમો એકતરફવાળા તથા બીજીતરફવાળા તમો ત્રીજીતરફવાળાને નિચે મુજબ પાકી ખાત્રી અને બાંહેધરી આપીએ છીએ કે,

(i) સદર પ્રોજેક્ટનું બાંધકામ શરૂ કરવા માટે જરૂરી તમામ પરવાનગીઓ અમો એકતરફવાળા તથા

બીજીતરફવાળાએ અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન તથા અન્ય લાગુ પડતી સક્ષમ સંસ્થાઓ પાસેથી મેળવી લીધેલ છે તેમજ વખતો વખત સદર યોજના અંગે જે કોઈ પરવાનગી મેળવવાની થાય તે મેળવી અમો એકતરફવાળા તથા બીજીતરફવાળાએ મેળવી બી.યુ. પરવાનગી મેળવવાની

(ii) સદર જમીનમાં કોઈ બોજો કે ચાર્જ આવેલ નથી કે કોઈ લીટીગેશન, દાવાઓ ચાલુ નથી.

(iii) સદર યોજના પુર્ણ કરવા અર્થે અમોએ જે કોઈ પરવાનગી અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન કે કલેક્ટરશ્રી કે લાગુ પડતી સક્ષમ સંસ્થા પાસેથી મેળવેલ છે તે તમામ કાયદેસર, લીગલ અને વેલીડ છે અને તેમાં જણાવેલ શરતો મુજબજ બાંધકામ પૂર્ણ કરી બી.યુ. પરવાનગી મેળવવામાં આવશે.

(iv) અમો એકતરફવાળા તથા બીજીતરફવાળા આ બુકીંગ કરાર કરવા હક્કદાર છીએ અને અમોએ

કોઈ શરતભંગ કરેલ નથી તેમજ તમોને વેચાણ આપવાનું નક્કી કરેલ મિલકતમાં અમોએ કોઈ રાઈટ્સ ઉપસ્થિત કરેલ નથી કે અન્ય કોઈને કોઈ બુકીંગનો કરાર કરી આપેલ નથી કે અન્ય કોઈ લખાણો કરેલ નથી કે જેથી તમો ત્રીજીતરફવાળાના હક્કોને નુકશાન થાય.

(v) સદર મિલકત વેચાણ આપવા અંગે અમો એકતરફવાળા સામે કોઈ કોર્ટનો કે સક્ષમ સંસ્થાનો

મનાઈ હુકમ નથી.

(vi) સદર મિલકતના વેચાણ દસ્તાવેજ વખતે અમો એકતરફવાળા તથા બીજીતરફવાળા સદર

મિલકતનો સ્થળ ઉપર પ્રત્યક્ષ કબજો ભોગવટો તમો ત્રીજીતરફવાળાને સોપીશુ તેમજ રેરાના નિયમો મુજબ સદર પ્રોજેક્ટના કોમન એમેનીટીઝ અને ફેસીલીટીઝ તથા સદર પ્રોજેક્ટની કોમન જગ્યા સોસાયટીને સોંપવામાં આવશે તેમજ તે અંગે જે કોઈ રીલીઝનો દસ્તાવેજ કે એસાઈનમેન્ટનો દસ્તાવેજ કરવાની જરૂરીયાત ઉપસ્થિત થાય તો તે પણ અમો એકતરફવાળાએ કરી આપવાનો રહેશે જે અંગેનો સ્ટેમ્પ ડ્યુટી, રજીસ્ટ્રેશન ફી, એડવોકેટ ફી તથા અન્ય ખર્ચ સોસાયટીના તમામ સભાસદોએ વરાળે પડતો ભોગવવાનો રહેશે જે અંગેનો ફાળો તમામ સભાસદોએ સોસાયટીમાં જમા કરવાનો રહેશે.

(vii) સદર પ્રોજેક્ટને લગતા આજદીન સુધીના તમામ ટેક્ષો, બીલો, ચાર્જીસ ઈત્યાદી અમો એકતરફવાળા તથા બીજીતરફવાળાએ ભરપાઈ કરી દીધેલ છે તેમજ બી.યુ. પરવાનગી સુધી જે કોઈ ટેક્ષો, બીલો, ચાર્જીસ ભરવાના થાય તે અમો એકતરફવાળા તથા બીજીતરફવાળાએ ભરવાના રહેશે અને ત્યારબાદના તમો ત્રીજીતરફવાળાએ ભરવાના રહેશે.

(viii) સદર મિલકત ટાઈટલમાં જણાવ્યા સિવાય સદર મિલકત અંગે અમોને આજદીન સુધી રાજ્ય

સરકાર, સરકારી-અર્ધ સરકારી સંસ્થા પાસેથી નોટીસ મળેલ નથી કે કોઈ સંપાદનની પણ નોટીસ મળેલ નથી.

(ix) **પ્રમોટર શેલ નોટ મોર્ટગેજ ઓર ક્રિએશન ચાર્જીસ :** પ્રમોટર ગીરો મુકશે નહિ અથવા બોજો ઉત્પન્ન કરશે નહિં : આ પ્રમોટર આ કરારમાં સહી કરે ત્યારબાદ તે ફ્લેટ ગીરો મુકશે નહિ અથવા તેના ઉપર કોઈ બોજો ઉત્પન્ન કરશે નહિ અને જો તેવું કોઈ ગીરો કે બોજો કરવામાં આવશે તો અમલમાં રહેલ કોઈપણ અધિનિયમમાં ગમે તે મજકુર હોય તે છતાં આવુ ગીરો કે બોજો જેણે આવુ ફ્લેટ ખરીદવા કબુલ કરેલ હોય તેવા એલોટીના હકક અને હિતને અસરકર્તા રહેશે નહિં.

૨૪. વધુમાં તમો ત્રીજીતરફવાળાએ અમો એકતરફવાળા તથા બીજીતરફવાળાને નીચે મુજબની પાક્કી ખાત્રી

અને બાંહેધરી આપેલ છે કે,

(i) સદર મિલકતનુ બી.યુ. પરવાનગી આવી ગયા બાદ તેમજ તેનો કબજો તમો ત્રીજીતરફવાળાએ

સંભાળી લીધા બાદ સદર મિલકત સારી કન્ડીશનમાં ત્રીજીતરફવાળાએ પોતાના ખર્ચે રાખવાની રહેશે તેમજ સોસાયટીના વખતો વખતના ધારા-ધોરણનો પાલન કરવાનો રહેશે એટલુંજ નહીં પરંતુ અમદાવાદ મ્યુનીસીપલ કોપોરેશન, ટોરન્ટ

પાવર લીમીટેડ, લોકલ ઓથોરીટી કે સંસ્થાના તમામ નિતી-નિયમોનો પાલન કરવાનો રહેશે અને તેઓ જે કોઈ નોટીસો, સુચના આપે તેનું પાલન કરવાનું રહેશે તેમજ તેમને યોગ્ય જવાબ આપવાનું રહેશે.

(ii) તમો ત્રીજીતરફવાળાએ મજકુર મિલકતનો ઉપયોગ વપરાશ દરમ્યાન કોઈપણ જાતની ગેરકાયદેસર

યા સરકારી, અર્ધસરકારી પ્રતિબંધીત ચીજ-વસ્તુનો, વિસ્ફોટક પંદાર્થો ધંધો કરવા/કરાવવાનો નથી કે મજકુર મિલકતમાં કોઈપણ જાતની ગેરકાયદેસર યા સરકારી, અર્ધસરકારી પ્રતિબંધીત ચીજ-વસ્તુઓ, વિસ્ફોટક પંદાર્થો રાખવાની નથી કે મુકવાની નથી. તેમજ મજકુર મિલકતમાં ત્રીજીતરફવાળાએ કોઈ સરકારી અર્ધસરકારી કાયદા વિરૂધની કોઈજ પ્રવૃતિ કરવા/કરાવવાની નથી તેમજ એવી કોઈ અતિ વજનદાર વસ્તુ રાખવાની નથી કે જેથી સદર મિલકત કે તેના સ્ટ્રક્ચરને

નુકશાન થાય કે એવી વસ્તુ કે જેનાથી બિલ્ડીંગની કોમન એમેનીટીઝ જેવી કે સીડી, પેસેજ, તથા અન્ય એમેનીટીઝને નુકશાન થાય કે લાવતા અને લઈ જતા નુકશાન થાય તેમ છતા આવી કોઈ વસ્તુ તમો ત્રીજીતરફવાળા રાખો અને તેનાથી કોઈપણ પ્રકારે નુકશાન થાય તો તેની જવાબદારી તમો ત્રીજીતરફવાળાની રહેશે અને તે તમો ત્રીજીતરફવાળાએ પેનલ્ટી સાથે ભરપાઈ કરવાના રહેશે અને તે અંગે સોસાયટી જે કોઈ નિર્ણય લે તે તમો ત્રીજીતરફવાળાને બંધનકર્તા રહેશે.

(i) સદર મિલકતના આંતરીક રીપેરીંગના કામો તમો ત્રીજીતરફવાળાએ વખતો વખત પોતાના ખર્ચે

કરવાના રહેશે તેમજ સદર મિલકત જે સ્થિતીમાં છે તે સ્થિતીમાં રાખવાની રહેશે તેમાં કોઈ પણ જાતનો ફેરફાર કરવાનો રહેશે નહી તેમજ ગેરકાયદેસર બાંધકામ કરી અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન કે લાગુ પડતી સક્ષમ સંસ્થાના નિતી-નિયમોનો કોઈ ભંગ કરવાનો રહેશે નહી અને વખતો વખતા બાંધકામ અંગે સોસાયટી, અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન કે લાગુ પડતી સક્ષમ સંસ્થા જે કોઈ નિર્ણયો લે તેનું પાલન તમો ત્રીજીતરફવાળાએ કરવાનો રહેશે તેમ છતાં તે અંગે તમો ત્રીજીતરફવાળઆ કોઈ શરતભંગ કરે તો તે સામે અમો બીજીતરફવાળા તથા સોસાયટી કાર્યવાહી કરી શકશે અને તે અંગે જે કોઈ નુકશાન થાય તે પેનલ્ટી સંહીત તમો ત્રીજીતરફવાળા ભરપાઈ કરવા બંધાયેલા છીએ.

(iv) વધુમાં સદર મિલકતની દીવાલો કોમન છે તેથી કોઈપણ સભાસદ તેનું અલગ વિભાજન માંગી

શકશે નહીં એટલુંજ નહીં પરંતુ દરેક સભાસદોનો જમીનમાં વગર વહેચાયેલ હક્ક છે તેના વિભાજનની માંગની પણ કોઈપણ સભાસદ કરી શકશે નહીં તેમજ ત્રીજીતરફવાળાએ ક્યારેય પણ પોતાના માલીકીની મિલકત તોડવાની રહેશે નહી કે એવી કોઈ તકરાર કરવાની રહેશે નહી કે તેઓની માલીકની મિલકતનો તેઓ ગમે તે રીતે વ્યય કરી શકે છે તેમજ સદર મિલકત અંગે જે કોઈ નેજપાઈપલાઈન તથા ઈલેક્ટ્રીફીકેશનની વ્યવસ્થા કરવામાં આવેલ છે તે જાળવી રાખવાની રહેશે કે સદર મિલકતમાં આવેલ બીમ, દિવાલ, સ્લેબ, આર.સી.સી. ને નુકશાન થાય તેવુ કોઈ કૃત્ય કરવાનો રહેશે નહી અને કરે કરાવે અને તેનાથી જે કોઈ નુકસાન થાય તો તે તમો ત્રીજીતરફવાળાએ તેના ઉપરના પેનલ્ટી સહીત ભરપાઈ કરવાનો રહેશે.

(v) વધુમાં દરેક ફ્લેટના વેચાણ લેનારાઓને તેમના ફ્લેટની આગળ એકતરફવાળા તથા

બીજીતરફવાળાએ નિશ્ચિત કરેલ જગ્યાએ નક્કી કરેલ સાઈઝ અને આકારમાં પોતાનુ નેમ પ્લેટ લગાવી શકશે અને તે સિવાય સદર બિલ્ડીંગના સીડીઓમાં, બિલ્ડીંગની બહારી દીવાલોમાં, ટેરેસ ઉપર કે અન્ય કોઈપણ જગ્યાએ પોતાના નામનો બોર્ડ, સાઈન બોર્ડ, નિઓન લાઈટ, જાહેરાત થાય તેવી કોઈપણ વસ્તુ મુકવાની રહેશે નહી તે સિવાય સદર બિલ્ડીંગના બહારના દરેક જગ્યાની માલીકી સોસાયટીની કાયમી રહેશે અને તેનો એકતરફવાળા તથા બીજીતરફવાળા પોતાને યોગ્ય લાગે તે રીતે ઉપયોગ કરવાનો રહેશે.

(vi) વધુમાં તમો ત્રીજીતરફવાળાએ તમોએ વેચાણ રાખવાનું નક્કી કરેલ ફ્લેટના બહારી દીવાલોનો

રંગ ક્યારેય પણ બદલવાનો રહેશે નહી કે તેમાં રંગકામ કરવાનો રહેશે નહી કે બહારી ડીઝાઈન કે એલીવેશન ચેન્જ કરવાનો રહેશે નહી.

(vii) વધુમાં તમો ત્રીજીતરફવાળાને વેચાણ આપવાનું નક્કી કરેલ ફ્લેટના માટે મુકવામાં આવેલ ડ્રેનેજ લાઈન તથા પાણીની પાઈપ લાઈનમાં તમો ત્રીજીતરફવાળાએ ક્યારેય પણ કોઈ ફેરફાર કરવાનો રહેશે નહી કે નક્કી કરેલ પોઈન્ટ સિવાય વધારાનો પોઈન્ટ આપી તેનો ઉપયોગ કરવાનો રહેશે નહી અને કરો કરાવો તો તેની જવાબદારી અમો એકતરફવાળા તથા બીજીતરફવાળાની રહેશે

નહી.

(viii) વધુમાં સદર મિલકતનો ઉપયોગ ત્રીજીતરફવાળાએ રહેણાંકીય હેતુસરજ કરવાનો રહેશે અને

ભવિષ્યમાં સદર મિલકતનો ઉપયોગ અન્ય કોઈ બીજા હેતુસર ઉપયોગ કરવાનો રહેશે નહી અને અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનએ જે મુજબ પરવાનગી આપેલ છે તે રીતેજ કરવાનો રહેશે અને તેમાં કોઈ ફેરફાર કરવામાં આવશે તો સર્વિસ સોસાયટી તે અંગે કડક પગલા લઈ શકશે.

(x) વધુમાં તમો ત્રીજીતરફવાળાને વેચાણ આપવાનું નક્કી કરેલ ફ્લેટના માટે જે ઈલેક્ટ્રીક કનેક્શન

આપવામાં આવેલ છે તથા જેટલા પોઈન્ટ આપવામાં આવેલ છે તે મુજબ ઈલેક્ટ્રીક કંપની પાસેથી પાવર લોડલેવામાં આવેલ છે તેથી તે પાવરલોડ પ્રમાણેજ સદર ફ્લેટમાં સાધન સામગ્રી વાપરવાની રહેશે તેમ છતાં જો તમો ત્રીજીતરફવાળાને ફ્લેટ માટે આપવામાં આવેલ પાવર લોડ કરતા વધારે સાધન સામગ્રી વાપરવાની હોય તો તમો ત્રીજીતરફવાળાએ જાતે પોતાના ખર્ચે ઈલેક્ટ્રીક કંપની પાસેથી વધારાનો પાવર લોડ મેળવી લેવાનો રહેશે અને તે માટે સોસાયટીની જે કોઈ મંજુરીઓ લેવી પડે તમો ત્રીજીતરફવાળા મેળવી લેવાની રહેશે તેમ છતા તેમ કરવામાં તમો ત્રીજીતરફવાળા કસુર કરો અને તેના કારણે સદર બિલ્ડીંગની કે આજુબાજુ આવેલ મિલકતોને કોઈ નુકશાન થાય તો તે અંગેની તમામ જવાબદારી તમો ત્રીજીતરફવાળાની રહેશે.

(x) વધુમાં કૃત્રીમ તેમજ કુદરતી આફત જેવી કે ભુકંપ, આગ, યુધ્ધ, આંતરીક ધમાલ, અતિવૃષ્ટી

જેવી આફતો કે જે કોઈના હાથમાં નથી તેવી આફતો સામે રક્ષણ મેળવવા કુલ કીમતનો માન્ય વીમો રાષ્ટ્રીય કંપની પાસેથી મેળવવાનો રહેશે.

(xi) સદર મિલકતના આજુબાજુ ત્રીજીતરફવાળાએ કે સદર મિલકતના વખતો વખતના માલિકોએ

કોઈપણ જાતની ગંદકી કરવાની રહેશે નહી કે સદર મિલકતની આજુબાજુ કચરો ફેકવાનો રહેશે નહી અને સદર સ્કીમમાં હંમેશા સ્વચ્છતા જાળવી રાખવાની રહેશે એટલુંજ નહી પરંતુ આજુબાજુ વાળાને ન્યુસન્સ થાય તેવા કોઈ કૃત્ય કરવાના રહેશે નહી.

(xii) સદર મિલકત અંગે ભરવુ પડતુ મેઈન્ટેનન્સ, સરકારી કરવેરા, મહેસુલ તથા સોસાયટી જયારે

પણ મેઈન્ટેનન્સની માંગણી કરે કે આ બુકીંગના કરારની શરત ભંગ અંગે કે સોસાયટીના નિતી નિયમોના શરતભંગ અંગે તમો ત્રીજીતરફવાળા પાસેથી પેનલ્ટી વસુલે તેના માંગણીના ૧૫ દિવસમાં તમો ત્રીજીતરફવાળાએ તેવા તમામ પ્રકારના મેઈન્ટેનન્સી ચાર્જીસ, સરકારી કરવેરા, પેનલ્ટી વગર તકરારે ત્રીજીતરફવાળાએ ભરવાના રહેશે.

(xiii) ભવિષ્યમાં સદર મિલકત અંગે સરકારી, અર્ધસરકારી કચેરીઓ દ્વારા કે સોસાયટી દ્વારા લોકલ

ટેક્ષો, વોટર ચાર્જીસ, મેઈન્ટેનન્સ ચાર્જીસ તથા અન્ય ચાર્જીસમાં વધારો થાય કરે તો તે ત્રીજીતરફવાળાએ ભરવાના રહેશે અને તે અંગે કોઈ તકરાર કરવાની રહેશે નહીં.

(xiv) વધુમાં ત્રીજીતરફવાળાનો આ બુકીંગના કરારથી સદર મિલકત ઉપર જ્યા સુધી નક્કી કરેલ વેચાણ

અવેજની રકમ પુરેપુરી ભરપાઈ ન કરે તેમજ આ બુકીંગના કરારમાં દર્શાવેલ પેરા-૪ ની રકમ ના ભરપાઈ કરે ત્યા સુધી કોઈ હક્ક ઉભો થયેલ હોવાનું ગણાશે નહી તેમજ આ બુકીંગના હક્કો અન્ય કોઈને તબદીલ કરવાના કોઈ હક્ક પ્રાપ્ત થતા નથી

તેથી ત્રીજીતરફવાળા આ બુકીંગના કરારવાળી સદરહું મિલકત અંગે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરી શકશે નહી અને તેમાં એકતરફવાળા તથા બીજીતરફવાળાનો હક્ક, હીત, હીસ્સો ચાલુ અને અબાધીત રહેશે.

(xv) વધુમાં ત્રીજીતરફવાળા તેમના પરીવારના સભ્યો તથા જાણકાર વ્યક્તિ સાથે વખતો વખત સદર યોજનામાં આવી શકશે તેમજ સદર મિલકતનું બાંધકામ ચાલતું હોય તે જોઈ શકશે કે જેથી સદર મિલકતનું બાંધકામ સારી રીતે ચાલે છે તે તેમને ખ્યાલ આવે તેમજ તેવા ચાલુ બાંધકામ અંગે કોઈ સુચનો આપવા હોય તો દીન ૫ (પાંચ) માં તેવા સુચનો લેખીતમાં એકતરફવાળા તથા બીજીતરફવાળાને આપવાના રહેશે અને તેવા સુચનો એકતરફવાળા તથા બીજીતરફવાળાને યોગ્ય લાગે તો તેઓ સ્વિકારશે અને જો તે સુચનો સ્વિકારી શકાય તેમ ના હોય તો તેનો અસ્વિકાર કરશે અને તે અંગે કોઈ લેખીત જાણ એકતરફવાળા તથા બીજીતરફવાળાએ કરવાની રહેતી નથી તેમજ ત્રીજીતરફવાળાએ બીજીતરફવાળાના મજુરો, કોન્ટ્રાક્ટરોએજીનીયરો સાથે ક્યારેક પણ કોઈ વાદ-વિવાદમાં ઉતરવાનું રહેશે નહીં કે તેમની સાથે સદર મિલકતના બાંધકામ અંગે તકરાર કરવાની રહેશે નહીં.

(xvi) વધુમાં આ બુકીંગના કરારથી તમો ત્રીજીતરફવાળાને તમોને વેચાણ આપવાનું નક્કી કરેલ ફ્લેટના વેચાણ લેવાના હક્કો પ્રાપ્ત થાય છે તે સિવાય તમો બીજીતરફવાળાને અન્ય કોઈ હક્કો પ્રાપ્ત થતા નથી એટલુંજ નહી પરંતુ સદર યોજનામાં આવેલ કોમન એમેનીટીઝ કે ફેસીલીટીઝ જેવી કે કે માર્જીનની જમીન, પેસેજ, સીડી, લીફ્ટ, ચાલીને જવાના રસ્તા, કેનેજ, વોટર સપ્લાય, સ્ટ્રીટ લાઈટ, અન્ડર ગ્રાઉન્ડ ટાંકી, ઓવરહેડ ટાંકી વિગેરે અંગે તમોને કોઈ માલીકી હક્ક પ્રાપ્ત થતા નથી કે તેના માટે તમો ત્રીજીતરફવાળા ભવિષ્યમાં કોઈ હક્ક સ્થાપી દાવા કુવી કરી શકશો નહી અને સદર યોજનામાં આવેલ તમામ કોમન એમેનીટીઝ અને ફેસીલીટીઝ ઈત્યાદી તમામ સોસાયટીની માલીકીની રહેશે.

૨૫. વધુમાં અમો બીજીતરફવાળા તમો ત્રીજીતરફવાળા તથા સોસાયટીમાં જોડાનાર અન્ય સભાસદો પાસેથી જે કોઈ બુકીંગ રકમ કે અન્ય સ્વરૂપે રકમ મેળવીએ તેનો ઉપયોગ અમો બીજીતરફવાળાએ રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એક્ટ, ૨૦૧૬ ના નિતી નિયમો મુજબ કરવાનો રહેશે જેમાંથી ૭૦ ટકા રકમ સદર કાયદા મુજબ અલગ બેન્ક એકાઉન્ટમાં જમા કરી તેનો ઉપયોગ પ્રોજેક્ટ પુર્ણ કરવા માટે વાપરવાનો રહેશે જ્યારે બાકી રહેતી રકમ પોતાના યોગ્ય લાગે તે રીતે ઉપયોગ કરવા હક્કદાર છીએ.

૨૬. વધુમાં સદર મિલકતની તમામ વેચાણ કીંમત અને અન્ય ચાર્જીસ તમો ત્રીજીતરફવાળા પાસેથી મળ્યા બાદ અમો એકતરફવાળા તથા બીજીતરફવાળા સદર મિલકતનો એલોટમેન્ટ દસ્તાવેજ ફક્ત તમો ત્રીજીતરફવાળાની તરફેણમાંજ કરી આપવાનો રહેશે, પરંતુ તમો ત્રીજીતરફવાળાના કહેવાથી અને વિનંતીથી સદર મિલકતનો વેચાણ દસ્તાવેજ અન્ય બીજા કોઈના નામે કરવાની જરૂરીયાત ઉપસ્થિત થાય તો તેવા સંજોગોમાં ટ્રાન્સફર ફી કુલ કીંમતના ૨૦% વસુલ લઈ તમો ત્રીજીતરફવાળા કહો તેના નામે વેચાણ દસ્તાવેજ કરી આપીશું.

૨૭. વધુમાં એકતરફવાળા તથા બીજીતરફવાળાની સદર યોજનાનું નામ "અમૃતબિંદુ **રેસીડેન્સી**" *એ રીતે ઓળખવામાં આવશે અને તે ત્રીજીતરફવાળા કે અન્ય કોઈ વ્યક્તી કે સભાસદો કોઈ સંજોગોમાં બદલી શકશે નહી, પરંતુ એકતરફવાળા તથા બીજીતરફવાળાને સદર નામમાં કોઈ ફેરફાર કરવાનો હોય કે કોઈ સબ ટાઈટલ આપવુ હોય તો તે કરી શકશે તેમાં ત્રીજીતરફવાળાએ કોઈ તકરાર કરવાની રહેશે નહી.*

૨૮. આ યોજનાની તમામ કોમન સગવડો જેવી કે માર્જીનની જમીન, પેસેજ, સીડી, લીફ્ટ, ચાલીને જવાના રસ્તા, કેનેજ, વોટર સપ્લાય, સ્ટ્રીટ લાઈટ, અન્ડર ગ્રાઉન્ડ ટાંકી, ઓવરહેડ ટાંકી ઈત્યાદી તમામ સહીયારે વાપરવાની રહેશે અને ત્રીજીતરફવાળા કે અન્ય કોઈપણ તેનું વિભાજન માંગી શકશે નહી અને તે હર હંમેશા અવિભાજીત મિલકતો તરીકે આવેલ હોવાનું ગણાશે તેથી તેનો ઉપયોગ તમો ત્રીજીતરફવાળાએ સદર યોજનાના અન્ય સહ-માલિકો કે સહ-કબજેદારો સાથે સહીયારે કોઈપણ જાતની અડચણ કે અંતરાય ઉપસ્થિત ન થાય તે રીતે તેનો ઉપયોગ, ઉપભોગ કરવાનો છે તે કોમન સગવડો અંગે જે કોઈ કોમન વહીવટી ખર્ચ આપવાનો થાય તે વરાડે પડતો ખર્ચ તમામ ત્રીજીતરફવાળાએ આપવાનો છે.

૨૯. વધુમા તમો ત્રીજીતરફવાળાએ સદર મિલકત વેચાણ રાખેલ છે તે સિવાય કોમન એરીયાની સુવિધાઓ વાપરવાના હક્કો તમો ત્રીજીતરફવાળાને આપવામાં આવેલ છે જે કોમન એરીયાની સગવડો તમામ મેઈન્ટેનન્સ નિયમીત તારીખે ચુકવી આપેથીજ વાપરવા મળશે અને જો મેઈન્ટેનન્સ નિયમીત ભરવામા ન આવે તો સદર સગવડો મેળવવાના હક્કોથી તમો ત્રીજીતરફવાળાને બાદ રાખવામાં આવશે એટલુંજ નહી સદર યોજનાની કોમન સુવિધાઓ પૈકી કોમન પાર્કીંગ, સીડી, લીફ્ટ, પેસેજ તથા કોમન પ્લોટમાં આવવા જવાના હક્કો તમો ત્રીજીતરફવાળાને આપવામાં આવેલ છે, પરંતુ યોજના અન્ય કોમન સુવિધાઓ જેવી કે ઈલેક્ટ્રીક સબ-સ્ટેશન, પંપ રૂમ, અન્ડર ગ્રાઉન્ડ ટાંકી, ધાબાની ટાંકી તથા અન્ય ઈક્વિપમેન્ટ સર્વિસ સોસાયટી દ્વારા વાપરવાના રહેશે તેમાં આવવા-જવા કે વસ્તુ મુકવાનો તમો ત્રીજીતરફવાળાને કોઈ હક્ક કે અધિકાર રહેશે નહી.

૩૦. વધુમાં સદર યોજનાના માર્જીનની જમીન તથા રસ્તા ઉપર કોઈપણ પ્રકારનો સર સામાન તમો ત્રીજીતરફવાળાએ રાખવાનો રહેશે નહી અને એકતરફવાળા તથા બીજીતરફવાળાએ ત્રીજીતરફવાળાને ગ્રાઉન્ડ

ફ્લોરમાં કોમન પાર્કીંગ આપેલ છે તેથી ત્રીજીતરફવાળાએ પોતાના વાહનનું પાર્કીંગ પાર્કીંગ એરીયામાજ કરવાનો રહેશે અને જો ભવિષ્યમાં પાકીંગ અંગે વાદ-વિવાદ ન થાય તે હેતુસર સર્વિસ સોસાયટી દરેક સભાસદોને એલોટેટ પાર્કીંગ આપે તો દરેક સભાસદે પોતાનો વાહન પોતાને એલોટ કરેલ પાર્કીંગ એરીયામાંજ કરવાનો રહેશે અને તે સિવાય પાર્કીંગની અન્ય બીજી કોઈપણ જગ્યાએ તેઓ તેમના વાહનો પાર્ક કરી શકશે નહીં કે તેમનો કોઈ હક્ક, હીત, હીસ્સો ઉપસ્થિત કરી શકશે નહીં અને એલોટ કર્યા સિવાયનો પાર્કીંગની જગ્યા બીજીતરફવાળા/સોસાયટીની માલીકીની રહેશે અને તે એલોટ/વેચાણ કરવાના હક્કો સોસાયટીનેજ રહેશે અને બીજીતરફવાળા/સોસાયટી પોતાને યોગ્ય લાગે તે રીતે તેનો વ્યય કે વ્યવસ્થા કરી શકશે તેમજ તમો ત્રીજીતરફવાળાએ બીજા સભાસદોને તકલીફ થાય કે અડચણ થાય તેવુ કોઈ કૃત્ય કરવાનો રહેશે નહીં.

૩૧. સદર મિલકતનો વેચાણ અવેજ જો તમો ત્રીજીતરફવાળાએ ચેકથી ચુકવેલ હોય તો સદર ચેક ક્લીયરથયેથી જ આ બુકીંગના કરાર અમલમાં આવેલ હોવાનું ગણાશે સદર ચેક અથવા કોઈપણ ચેક કોઈપણ કારણોસર ક્લીયર ન થાય તો તેવા સંજોગોમાં અમો એકતરફવાળા તથા બીજીતરફવાળા તમો ત્રીજીતરફવાળા સામે કાયદેસર રીતે પગલા લેવા હક્કદાર છીએ તેમજ આ બુકીંગનો કરાર રદ કરવા તેમજ સદર મિલકત અન્ય કોઈને વેચાણ આપવા હક્કદાર છે અને તે માટે જે કોઈ ખર્ચાઓ થાય તે બાદ કરી તમો ત્રીજીતરફવાળાએ સદર મિલકત પેટે જે કોઈ બાનાની રકમ ચુકવેલ હોય તે વગર વ્યાજે પરત આપવાની રહેશે.

૩૨. વધુમાં ત્રીજીતરફવાળા તથા એકતરફવાળા તથા બીજીતરફવાળા સદર મિલકત અંગે જે કોઈ પત્ર વ્યવહાર કરશે તે ઉપરોક્ત દર્શાવેલ સરનામે યુ.પી.સી. રજીસ્ટર્ડ એ.ડી. થી કરવાના રહેશે.

૩૩. વધુમાં આ બુકીંગના કરારની કોઈપણ શરતના અર્થઘટન અંગે કે તેના અમલવારી અંગે કોઈ મતભેદ ઉપસ્થિત થાય રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એક્ટ, ૨૦૧૬ માં દર્શાવેલ નિયમો મુજબ તેની અમલવારી કરવાની રહેશે જે અમો એકતરફવાળા તથા બીજીતરફવાળા અને તમો ત્રીજીતરફવાળાને માન્ય રહેશે તેમજ એકતરફવાળા તથા બીજીતરફવાળાએ યોજનાના લાભાર્થે સદર બુકીંગના કરારમાં દર્શાવેલ શરતોમાં ફેરફાર કરવાનું હશે કે કોઈ શરતો ઉમેરવાની હશે કે તેમાં સુધારા વધારા કરવાનું હશે તો એકતરફવાળા તથા બીજીતરફવાળા અને ત્રીજીતરફવાળાએ પરસ્પર સમજુતીથી લેખીતમાં કરવાનો રહેશે.

૩૪. વધુમાં આ બુકીંગના કરારમાં દર્શાવેલ તમામ શરતો ત્રીજીતરફવાળાએ વાંચી, સમજી લીધેલ છે તેમજ યોગ્ય માહીતગાર વ્યક્તિ પાસે પણ તેનું અર્થઘટન કરી લીધેલ છે તેથી ભવિષ્યમાં તે અંગે કોઈ તકરાર કરવાની રહેશે નહીં.

૩૫. આ બુકીંગના કરારની સ્ટેમ્પ ડ્યુટી, રજી. ફી, વકીલ ફી તથા અન્ય ખર્ચા તમો ત્રીજીતરફવાળાએ ભોગવેલ છે.

૩૬. પક્ષકારો વચ્ચેની કોઈપણ તકરારનો સમાધાનથી નિકાલ કરવામાં આવશે. જો કોઈ કેસમાં તકરારનો અંત સમાધાનપૂર્વક નહિ આવે તો રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન ડેવલપમેન્ટ) એક્ટ-૨૦૧૬

તથા સદરહુ કાયદાના નિયમો, અધિનિયમો તેના વખતો વખતના સુધારા, નિયમો હેઠળ સંબંધિત સતાધિકારીને સંબોધવામાં આવશે. આ કરાર હેઠળ પક્ષકારોના હકક અને જવાબદારીઓ અંગે જે તે સમયે અમલમાં હોય તેવા ભારતના કાયદા હેઠળ અમલી બનશે અને અમદાવાદની કોર્ટને આ કરાર હેઠળ હકુમત રહેશે.

૩૭. પ્રમોટર આથી જાહેર કરે છે કે પ્રોજેટની જમીનના સંબંધમાં આજની તારીખ પ્રમાણે ફલોર સ્પેસ ઈન્ડેક્ષ ફકત $_A$ 1256.40 ચો.મી. છે અને પ્રમોટર, વિકાસ નિયંત્રણ વિનિયમમાં જણાવેલી વિવિધ યોજનાનો અમલ કરીને અથવા વિકાસ નિયંત્રણ વિનિયમના સદરહું પ્રોજેકટને લાગુ પડતા ફેરફાર ઉપર ભવિષ્યમાં મેળવી શકાય તેવી વધારેલી એફ.એસ.આઈ. (F.S.I. FLOOR SPACE INDEX) ની અપેક્ષાને આધારે, પ્રિમિયમ અથવા ઈન્સેન્ટિવ એફ.એસ.આઈ. તરીકે ઉપલબ્ધ એફ.એસ.આઈ ની ચૂકવણી પર મળતા ટી.ડી.આર. અથવા એફ.એસ.આઈ.નો લાભ મેળવી $_B$ 628.20 ચો.મી. ના ફલોર સ્પેસ ઈન્ડેકસનો ઉપયોગ કરવાનું આયોજન કરેલ છે. પ્રમોટરે, સદરહુ પ્રોજેકટની જમીન ઉપર પોતે લાભ લેવા ધારેલ 1883.91 ચો.મી. ના ફ્લોર સ્પેસ ઈન્ડેક્ષ જાહેર કર્યા છે અને એલોટીએ, ચિત બાંધકામ અને વંચાણના આધારે અને જાહેર કરેલો સુચિત એફ.એસ.આઈ.નો લાભ ફકત પ્રમોટરને મળેલ છે તેવી સમજુતીના આધારે એપાર્ટમેન્ટ ફ્લેટ ખરીદવાનું કબુલ કરેલ છે.

૩૮. જે તારીખે કબજો સોંપવામાં આવ્યો હોય તેના ૫(પાંચ) વર્ષ દરમ્યાન મિલકતમાં કોઈ સ્ટ્રકચરલ ખામી, સેવાની ગુણવતા અને સેવાની જોગવાઈમાં કોઈ ખામી હોય તો જયારે શકય હોય ત્યારે આવી ખામીઓ પ્રમોટર દ્વારા પ્રમોટરના ખર્ચે સુધારી આપવાની રહેશે તેમજ જો પ્રમોટર આવી ખામીઓનું નિવારણ કરવામાં નિષ્ફળ રહીયે તો એલોટી, પ્રમોટર પાસેથી આવી ખામીઓનું વળતર કાયદામાં જણાવ્યા મુજબ મેળવવા હકકદાર રહેશે. તેમજ પ્રમોટરે કોઈ સ્ટ્રકચરલ ખામી, સેવાની ગુણવતા અને સેવાની જોગવાઈમાં કોઈ ખામી કે જે પ્રમોટરને લાગુ પાડી શકાય તેવી ન હોય અગર પ્રમોટરના કાબુ બહારના કોઈ સંજોગોને કારણે ઉદભવેલ હોય તે બદલ જવાબદાર રહેશું નહી.

૩૯. જો આ કરારની કોઈ જોગવાઈ કોઈ અધિનિયમો કે તેના હેઠળ બનાવવામાં આવેલ નિયમો કે અન્ય લાગુ કાયદા હેઠળ લાગુ કરી શકાય તેમ ન હોય તો તેવી જોગવાઈઓ જે તે અધિનિયમ કે નિયમોને આધિન આ કરારના હેતુને ધ્યાને રાખી તેમ સુધારો કરવામાં આવશે અથવા તેને દુર કરવામાં આવશે. તેમજ આ કરારની જોગવાઈઓ જે લાગુ પાડી શકાય તેમ હોય કે જે આ કરાર કરતી વખતે લાગુ પડતી હોય તેને કાયમ રાખવામાં આવશે.

પરીશીષ્ટ-૧ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ, સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૨ (વાડજ) સાબરમતી તાલુકાના મોજે-અચેર ગામની સીમના સર્વે નંબરઃ ૧૦૭/૧૨/૧ ની જમીનને ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબરઃ ૨૩ (અચર) માં સમાવેશ કરીને ફાઈનલ પ્લોટ નંબરઃ ૧૭૫ ની ચો.મીટરઃ ૬૯૮ છે ની જમીન ફાળવી આપવામાં આવેલ છે તેવી રહેણાંકના હેતુ માટેની બિનખેતીની જમીન અમૃતબિંદુ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ *ની માલિકીની અને તેના ઉપર આવેલ "* અમૃતબિંદુ રેસીડેન્સી *" નામે ઓળખાતી યોજનાનાં બ્લોક નંબર " ..." માં આવેલ ફ્લેટ નંબર- .. ક્ષેત્રફળ .... સમચોરસમીટર (કારપેટ એરીયા) નાં બાંધકામવાળી મિલકત...*

સદર મિલકતના ખુંટચારની વિગતઃ

પુર્વે :

પશ્ચિમે :

ઉત્તર :

દક્ષીણે :

- **<u>Specifications</u>:**

1) **<u>Drawing Room / Dining:</u>**
   - Standard 24”x24” Vitrified Flooring.
   - Wall & Ceiling single Mala Plaster with wall putty.
   - Attractive main door with both side veneer door.
2) **<u>Bed Rooms:</u>**
   - All bed rooms with Vitrified Flooring . (Simpolo, Nitco, Cera, or Equivalent.)
   - Wall & Ceiling single Mala Plaster with wall putty.
   - 30 mm thick waterproof flush door with both side paints.
3) **<u>Kitchen:</u>**
   - Standard 24”x24” Vitrified Flooring. (Simpolo, Nitco, Cera, or Equivalent.)
   - Designer tiles dado on kitchen counter up to lintel level height.
   - Granite platform with stainless steel sink.

- Placement of exhaust fan shall be provided.
- Chimney point.

4) **Toilets:**

- Designer vitrified tiles walls& matt finish tiles on floor. (Simpolo, Nitco, Cera, or Equivalent.)
- Jaquar / Cera or equivalent bathroom fittings.
- Placement of exhaust fan shall be provided.
- Gyser point shall be provided in attached toilet.

5) **Windows:**

- Anodizedaluminum sliding windows with single glazing with stone jambs.

6) **Plumbing Work:**

- CPVC / GI water supply pipes and UPVC pipes for soil, waste and drainage system.
- Percolation wells as per the norms.

7) **Electrical Works:**

- Branded Modular Switches. (Schinder, GM or Equivalent.)
- 3 Phase Concealed copper wiring with adequate number of points in all rooms.
- Each room will have TV/cable Points.
- Telephone points in drawing room and master bed room.

8) **Additional facilities:**

- Outer side double coat sand face tippani plaster with attractive waterproof paint.
- Earthquake resistance structure.
- Exclusive elevation as per the scenario.
- Bore well for water supply and individual water meter.
- Standard automated elevators. (Express, Trio or Equivalent.)
- Security Cabin as per norms.
- Parking paver block inside compound area.
- Decorative entrance gate for pedestrian.
- Water proofing in terrace with china mosaic.
- Ground floor parking.
- Allotted one four wheeler parking for each unit.
- Video door facility.
- Decorative entrance foyer with sitting area.
- Letter Box for Each unit on ground floor.
- Underground/ overheadwater tank with sufficient capacity.
- C.C.T.V camera provided in common area
- Adani gas line shall be provided.
- Three phase A/C points in bedrooms and drawing room.
- Small gate on small road side.

- Ground floor Flooring-inside building. (Rough kota)

એ રીતેના ઉપર પરીશીષ્ટ-૧ માં જણાવ્યા મુજબની મિલકત અમોએ તમોને આજરોજ વેચાણ આપવાનું નક્કી કરી ઉપરની શરતોએ આ બુકીંગો કરાર કરી આપેલ છે.

તે બાબતનો આ બુકીંગનો કરાર અમોએ અમારી રાજીખુશીથી તથા અક્કલ હોશીયારીથી વાંચી, સમજી, વિચારી કોઈનાં કોઈપણ જાતનાં દાબ-દબાણમાં આવ્યા સિવાય મુક્ત સંમતીથી બીનકેફે કે કોઈની શેહ શરમમાં આવ્યા સિવાય મુક્ત સંમતિથી વેચાણ આપેલ છે. જે અમોને તથા અમારા વંશ, વાલી, વારસો એજીક્યુટરો, એડમીનીસ્ટ્રેટરો, ઈત્યાદી તમામને કબુલ મંજુર અને બંધનકર્તા છે. ઉપર લખ્યું તે સહી છે.

અત્રે..

...શાખ

આ બુકીંગનો કરાર આજ તારીખ .../.../.....ના રોજ શહેર અમદાવાદ મધ્ય કરેલ છે.

................મતુ અત્રે..... એકતરફવાળા:

સાક્ષીઓ : અમૃતબિંદુ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ' એ નામની એક સોસાયટી તેના વતી અને તરફથી તેના

(એ) ચેરમેનશ્રી મોહનલાલ ભભુતમલજી શાહ

(બી) સેક્રેટરીશ્રી પૂર્વેશકુમાર બાબુલાલ સિંઘી

બીજીતરફવાળા:

" જે.ડી.આર. રીયલ્ટી ", *એ નામની એક ભાગીદારી પેઢી તેના વતી અને તરફથી તેના ભાગીદારશ્રી ૧.* પ્રજેશ રસિકભાઈ સુથાર

૨. પ્રતિક મોહનભાઇ ભરવાડ

ત્રીજીતરફવાળા